# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-08-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આવતીકાલે રાષ્ટ્રજોગ સંબોધન કરશે
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તિરંગા યાત્રાને દેશભક્તિ તેમજ વિકસીત ભારતના પ્રતિક સમાન ગણાવી
- ✓ કોલકાતા વડી અદાલતે મેડિકલ કૉલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાનો કેસ CBIને સોંપ્યો
- ✓ કેન્દ્ર સરકારે સ્વાતંત્ર્ય સમારોહમાં ભાગ લેવા માટે પંચાયત રાજની 400 જેટલી મહિલા પ્રતિનિધિઓને આમંત્રણ આપ્યું
- ✓ અને અરૂણાચલ પ્રદેશમાં છસ્સો ફૂટ લાંબી તિરંગા યાત્રા નિકળતા પ્રધાનમંત્રી મોદીએ આનંદ વ્યક્ત કર્યો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ- ADDRESS INDEPENDENCE DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેનું સીધું જીવંત પ્રસારણ આપ, આકાશવાણીના તમામ કેન્દ્રો તેમજ દૂરદર્શનની તમામ ચેનલો પર પ્રથમ હિન્દી અને અંગ્રેજીમાં સાંભળી શકશો.

આકાશવાણીના કેન્દ્રો પર પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે 9.30 કલાકે સાંભળી શકાશે. જ્યારે દુરદર્શન પર હિન્દી અને અંગ્રેજી જીવંત પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EVE AMIT SHAH - TIRANGA YATRA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે તિરંગા યાત્રા દેશભક્તિ અને અત્યાર સુધીના વિકાસનું પ્રતિક સમાન છે. અમદાવાદના વિરાટનગર ખાતે તિરંત્રા યાત્રાનો પ્રારંભ કરાવતા શ્રી શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ સફળતાના શીખરો સર કરી રહ્યો છે. તેમણે નાગરિકોને, ખાસ કરીને યુવાનોને 2047 સુધી ભારતના વિકાસ માટેના લક્ષ્યાંક સંદર્ભે સક્રીય રીતે યોગદાન આપવા અપીલ કરી હતી.

**(BYTE – અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VP TIRANGA BIKE RALLY FLAG OFF

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતેથી હર ઘર તિરંગા બાઇક રેલીનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીનું સમાપન મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે થયું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WB HIGH COURT

કોલકાતા વડી અદાલતે મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાનો કેસ સીબીઆઈને સોંપવાનો આદેશ કર્યો છે. આ સાથે જ રાજ્યના આરોગ્ય વિભાગને સૂચના આપી હતી કે તે ડૉ. સંદીપ ઘોષને તાત્કાલિક ધોરણે રજા પર ઉતરી જવા માટે નિર્દેશ જાહેર કરે. ડૉ. સંદીપ ઘોષ કોલકાતાની આ.જી. કાર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના ભૂતપૂર્વ આચાર્ય છે. આ કૉલેજમાં યુવતી સાથે દુષ્કર્મ અને હત્યા કેસમાં જાહેર હિતની અરજીની સુનાવણી કરતા વડી અદાલતે આ આદેશ આપ્યો હતો. ડૉ. ઘોષે આ સમગ્ર મામલે વિવાદ બાદ આચાર્યપદેથી રાજીનામું આપી દીધું હતું, જોકે ગણતરીના કલાકોમાં આરોગ્ય વિભાગ દ્વારા તેમને વધુ એક પ્રતિષ્ઠિત સંસ્થાનમાં પદ સોંપવામાં આવ્યું હતું. અદાલતે સવાલ ઉઠાવ્યો કે આ કરૂણાંતિકાને પગલે જ્યારે સમગ્ર દેશમાં તબીબો આ મામલે હડતાળ પર ઉતરી ગયા છે, એવા સમયે માત્ર 12 કલાકમાં તેમને કેવી રીતે બીજું પદ આપવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે આ ઘટનાને પગલે

દેશભરના રેસીડેન્ટ ડોક્ટર્સ હડતળા પર ઉતર્યા છે, દિલ્હીની એઇમ્સ સહિતના અનેક મોટી હૉસ્પિટલોમાં ઓપીડી સેવા બંધ કરી દેવાઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NADDA- IMA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે ભારતીય તબીબ સંઘના  પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. કોલકાતાની આર.જી કાર મેડિકલ કૉલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યા બાદ દિલ્હીમાં તબીબોના વિરોધને લઈને બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDEPENDENCE DAY PANCHAYAT

કેન્દ્ર સરકારે 78માં સ્વાતંત્ર્ય સમારોહ માટે દેશભરની પંચાયતોમાંથી ચારસોથી વધુ મહિલા પ્રતિનિધિઓને વિશેષ અતિથિ તરીકે આમંત્રણ આપ્યું છે. દરમિયાન પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આવતીકાલે નવી દિલ્હીમાં પંચાયતમાં મહિલાઓના નેતૃત્વ મામલે, એક રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરાયું છે. જેમાં પંચાયતોમાં કામ કરતી મહિલાઓ સામેના પડકારો, સફળતાની ગાથાઓ અને સ્થાનિક શાસનમાં મહિલાઓની ભાગીદારી વધરાવા અંગે ચર્ચા થશે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માટે આમંત્રિત તમામ પંચાયતી રાજ પ્રતિનિધિઓ આ કાર્યશાળામાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PHILIPPINES- DENGUE

ફિલિપાઇન્સમાં ડેન્ગ્યૂના કેસોમાં ભારે ઉછાળો આવ્યો છે. અહીં ડેન્ગ્યૂને કારણે 364 દર્દીઓના મોત થયા છે, જ્યારે કેસોની સંખ્યા 1 લાખ, 36 હજારને પાર પહોંચી છે. ફિલિપાઇન્સના આરોગ્ય વિભાગે નાગરિકોને સજાગ રહેવાની સૂચના આપી છે. પાણીજન્ય મચ્છરોને કારણે થતો ડેન્ગ્યૂ રોગ સામાન્ય રીતે જુલાઈ અને ઑક્ટોબરમાં વધુ જોવા મળે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LADAKH-HAR GHAR TIRANGA

દેશવ્યાપી "હર ઘર તિરંગા" ઝુંબેશનો ભાગ રૂપે લદ્દાખના ઉત્તર ઝોન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે સ્થાનિક શાળાના સહયોગથી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ, કલાકારો, શિક્ષકો સહિતના લોકોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો હેતુ નાગરિકોને તેમના ઘરે રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે તેમજ દેશભરમાં એકતા અને દેશભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HOCKEY TEAM – DELHI

ઑલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક વિજેતા ભારતીય હૉકી ટીમનું દિલ્હી આતંરરાષ્ટ્રીય મથકે ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. વિમાન મથકે મોંટી સંખ્યામાં ઉપસ્થિત લોકોને ખેલાડીઓને વધાવી લીધા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ વિજેતા ખેલાડીઓને આવકાર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRAI BAN SPAM CALLS

ભારતીય ટેલિકોમ નિયમન સંસ્થા – TRAIએ તમામ ટેલિકોમ કંપનીઓને નોંધણી ન કરાયેલા હોય અથવા ટેલિમાર્કેટર્સના પ્રમોશનલ કૉલ્સ તાત્કાલિક ધોરણે બંધ કરવાનો આદેશ આપ્યો છે. સંચાર મંત્રાલયે જણાવ્યું છે કે જો કોઈ નોંધણી વગરના નંબરોથી વેપારી વોઇસ કૉલ્સ માટે ટેલિકોમ સંસાધનોનો દુરઉપયોગ કરતો જોવા મળશે, તો બે વર્ષના સમયગાળા માટે ઓરિજિનેટેડ એક્સેસ પ્રોવાઇડર એટલે કે મૂળ સેવા પ્રદાતાને પ્રતિબંધિત જાહેર કરાશે.

વધુમાં મંત્રાલયે જણાવ્યું છે કે પ્રતિબંધના સમયગાળા દરમિયાન કોઈ પણ સેવા પ્રદાતાને નવા ટેલિકોમ સંસાધનો ફાળવવામાં નહી આવે. મંત્રાલયે એમ પણ જણાવ્યું છે કે ટેલિકોમ સંસાધનોનો ઉપયોગ કરીને નાગરિકોને વેપારી વોઇસ કૉલ કરનારા તમામ બિન નોંધણી કરાયેલા પ્રેષકોને એક મહિનાની અંદર ડિસ્ટ્રિબ્યુટેડ લેજર ટેક્નોલોજી (DLT) પ્લેટફોર્મ પર સ્થાનાંતરિત કરવામાં આવશે.

વધુમાં મંત્રાલયે તમામ ટેલિકોમ સેવા પ્રદાતાઓને નિર્દેશોનું પાલન કરવા અને દર મહિનાની પહેલી અને સોળમી તારીખે પગલા અંગે નિયમિત અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે

TRAIની આ નિર્ણાયક કાર્યવાહીથી સ્પામ કૉલ્સ નોંધપાત્ર રીતે ઘટશે અને ગ્રાહકોને રાહત મળશે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR ACCIDENT

બિહારના ઔરંગાબાદમાં એક કાર કેનાલમાં ખાબકી જતા પાંચ લોકોના મોત થયા છે. ઘટના દાઉદનગર નજીક સોને કેનાલ પાસે બની હતી. સ્થાનિક પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ઝડપ વધુ હોવાથી ડ્રાઇવરે કાબુ ગુમાવતા કાર કેનાલમાં ખાબકી ગઈ હતી. કારમાં સવાર લોકો પટણાના રહેવાસી હતી, જેઓ સાસારામ ખાતેથી પૂજા કરીને પરત ફરી રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## KEJRIWAL-KAVITA-CUSTODY

દિલ્હીમાં આબકારી નીતિમાં મનિલોન્ડરિંગ કૌભાંડ મામલે, વિશેષ અદાલતે અરવિંદ કેજરીવાલ અને કે. કવિતાની ન્યાયિક કસ્ટડી 2 સપ્ટેમ્બર સુધી વધારી દીધી છે. અદાલત આ મામલે વધુ સનાવણી 2 સપ્ટેમ્બરના રોજ હાથ ધરશે. આ જ કેસમાં આપના સાંસદ સંજય સિંહ અને નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાને અદાલતે જામીન પર મુક્ત કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-TIRANGA ARUNACHAL

અરૂણાચલ પ્રદેશમાં આજે છસ્સો ફૂટ લાંબી તિરંગા યાત્રા નિકળી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે અરૂણાચલ પ્રદેશના લોકોના દિલોમાં ઉંડી રાષ્ટ્રભાવના છે. શ્રી મોદીએ કહ્યું કે હર ઘર તિંરગા ઝુંબેશ પ્રત્યે લોકોનો ઉત્સાહ જોઈને આનંદ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .